Extra No. 367

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, OCTOBER 13, 2025 / ASVINA 21, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

File No. KHD/MAG/e-file/450/2025/2910/MAG BRANCH.-ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરની વખતો વખતની સૂચનાઓ તથા તેઓના તા.૧૭/૦૯/૨૦૨૫ પરિપત્ર ક્રમાંક:HD/MIS/e-file/8/2025/0778/SB2, થી “સ્કાય લેન્ટર્ન” (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી કોઈ અન્ય દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તા અન્વયે ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા સૂચના થઈ આવેલ છે. જે સંદર્ભે નામ. ગુજરાત હાઈકોર્ટના તા.૨૨/૧૨/૨૦૧૫ ના હુકમ તથા નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬ માં નામ. ગુજરાત હાઈકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમથી ચાઈનીઝ માંઝા/ નાયલોન / પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વધુમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી સમક્ષની ઓરીજીનલ એપ્લીકેશન નં.૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬,-ખાલીદ અશરફ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્યોના કેસમાં તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમથી આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ ચાઈનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે. સંયુકત સચિવશ્રી (કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરના ઉપર જણાવેલ પરિપત્ર, નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હીના હુકમ પરત્વે ત્યારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ બહાર પાડવા સૂચના આપેલ છે.

આગામી તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવનાર હોય જે સંબંધે રાજયમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પર પ્રતિબંધ મુકવા સારૂ જાહેરનામું બહાર પાડવા સુચના આપવામાં આવેલ હોય. છેલ્લા ઘણા સમયથી લોકો ધ્વારા દિવાળી, ઉતરાયણ તથા અન્ય તહેવારો દરમ્યાન રાત્રીના સમયે સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પવન અથવા કોઈ વસ્તુ સાથે અથડાય છે ત્યારે તેમા આગ લાગે છે. અને તે જમીન ઉપર આવે છે. સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડયા પછી ગમે તે સ્થળે પડી શકે છે, પરિણામે આગ લાગવાના પ્રસંગો નકારી શકાય નહી. સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પર મોટા ભાગે બાયોડેગ્રેડેબલ લખેલ હોય છે પરંતુ આ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ની ગુણવત્તા સારી હોતી નથી અને સસ્તા મીણના સોસલા તેમા બળતણ તરીકે વપરાય છે. જે બાયોડેગ્રેડેબલ નથી, તથા તે મોટી પર્યાવરણીય આપત્તી સર્જી

શકે છે. ભૂતકાળમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ને કારણે તહેવારો દરમ્યાન આગના બનાવો બનેલા હોય તેના ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી હોય આ બાબતે જનજાગૃતિ કેળવવા માટે પ્રતિબંધાત્મક પગલા ભરવા જરૂરી હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર તા.૧૦/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૧૭/૦૯/૨૦૨૫ થી સૂચના થઈ આવેલ છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ. ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ખેડા જિલ્લા હદ વિસ્તાર માટે નીચે જણાવ્યા મુજબની પ્રવૃત્તીઓ ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

પ્રતિબંધઃ-

(1) સસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન, કે જેમાં મીણના ચોસલા બળતણ તરીકે વપરાય છે તેવા તુક્કલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા નહી.

(2) ચાઈનીઝ માંઝા / નાયલોન / પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોંટીગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહી તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી - વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી.

સમયગાળો:- તા.૧૦/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર:- સમગ્ર ખેડા જિલ્લો.

શિક્ષા:-

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ. તા.૧૦/૧૦/૨૦૨૫

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબ

File No. KHD/MAG/e-file/450/2025/2906/MAG BRANCH.-નડીઆદ-મોડાસા રેલ્વે લાઈન પર ફાટક ક્રમાંક નં.૩૬X ને સમારકામ કરવાના કામે બંધ રાખી સદર ફાટક પરથી પસાર થનારા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉકત ફાટક પરના ટ્રાફિકને વૈકલ્પિક માર્ગ ઉપર ડાઇવર્ટ કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સિનિયર સેકશન ઈજનેરશ્રી (પા.વે.), નડિઆદ, પ.રેલ્વેનાઓએ તેઓના તા.૦૩/૧૦/૨૦૨૫ ના પત્ર થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/ રે.ફા.નં. ૩૬- ૩૯/૧૨૭૯/૨૦૨૫, તા.૦૭/૧૦/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન--વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. સિનિયર સેકશન ઈજનેરશ્રી (પી.વે.), નડિઆદની દરખાસ્ત ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૦/૧૦/૨૦૨૫ ક.૦૮-૦૦ થી તા.૧૧/૧૦/૨૦૨૫ સ.ક.૦૮-૦૦ ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1. કઠલાલ ચોકડી થી અમદાવાદ રોડ તરફ જતો-આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1. કઠલાલ ચોકડી થી અમદાવાદ રોડ તરફ જતો-આવતો તમામ વાહન વ્યવહાર.

- કઠલાલ ચોકડી થી અમદાવાદ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર કઠલાલ ચોકડી થી ખોખરવાડા કટ કઠલાલ બાયપાસ થી ઓવરબ્રિજ થઈ અમદાવાદ તરફ જઈ શકાશે.
- અમદાવાદ થી કઠલાલ ચોકડી તરફ આવતા તમામ વાહનો કઠલાલ બાયપાસ રોડ ઓવરબ્રિજ થઈ તથા ખોખરવાડા કટ થઇ કઠલાલ ચોકડી તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા રેલ્વે વિભાગ (પી. વે.), નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૧૦/૧૦/૨૦૨૫

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.06 18:02:55 IST